**CC NO.1725/2026**

**CRMA J-328/2026**

**<u>પારડી પો.સ્ટે. સી પાર્ટ ગુના રજી.નં. ૧૧૨૦૦૦૩૮૨૬૧૬૯૧/૨૦૨૬ ,પ્રોહી ક. ૬૫(એ)(ઈ), ૮૧,૯૮(૨),૧૧૬(ખ) મુજબના ગુનાના કામે આરોપી નં.૭ – દિવ્યેશભાઇ કરશનભાઇ ટંડેલ, રહે. ધોલાઇ ગામ, હનુમાન ફળીયા તા.ગણદેવી, જી.નવસારીનાઓની જામીન અરજી લગત હુકમ:–</u>**

---------------------------------------- – – -------

(૧) હાલના કામના આરોપીને પ્રોહી ક.૬૫(એ)(ઈ),૮૧,૯૮(૨),૧૧૬(ખ)મુજબના કામે અટક કરેલ છે. ત્યાર બાદ આરોપી તરફે હાલની જામીન અરજી રજુ કરેલ છે.

(૨) ઉપરોકત આરોપીની હાલની જામીન અરજી, એફ.આઈ.આર.તથા પોલીસ પેપર્સ વિગેરે વંચાણે લીધા. આરોપી તરફે વિ.વ.શ્રી. જે.એ.મપારાનાઓને સાંભળ્યા. આરોપી તરફે વિ.વ.શ્રી. જે.એ.મપારાનાઓએ દલીલ કરી જણાવેલ છે કે, આરોપીને ખોટી રીતે અટક કરેલ છે. આરોપી નિર્દોષ છે અને આરોપીએ કહેવાતો કોઈ જ ગુનો કરેલ નથી અને આરોપીને તદન ખોટી રીતે કહેવાતા ગુનામાં સંડોવેલ છે. ગંભીર પ્રકારનો ગુનો નથી. ફાંસી કે જનમટીપની સજાની જોગવાઈ નથી. આરોપી કયાંય નાસીભાગી જાય તેમ નથી. આરોપી ગરીબ વર્ગના અને મુખ્ય કમાવનાર માણસ છે. આરોપી સામે ટ્રાયલ ચલાવવાની તથા જામીનમુક્ત કરવાની નામ.કોર્ટને સતા છે. આરોપીને જામીન મુકત કરવામા ન આવે તો અમો આ કામના આરોપીના કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન વિકટ બને તેમ છે. આરોપી તપાસમા સંપુર્ણ સાથ સહકાર આપશે અને નામદાર કોર્ટ જયારે અને જયા હાજર રહેવા જણાવે ત્યા હાજર રહેશે તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન રજુ કરવા તથા જે શરતો ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે. હાલના ગુનાના કામે ચાર્જશીટ પણ થઇ ગયેલ હોવાથી હાલના આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૩) ઉપરોકત આરોપીની હાલની જામીન અરજી લગત ફરીયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી.આર.સી.પટેલ નાઓને સાંભળ્યા. તેઓએ સદર જામીન અરજી ઉપર સખત વાંધો હોવાનું જણાવી જણાવેલ છે કે, આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. હાલના ગુનાના કામે મોટી કિંમતનો દારૂનો જથ્થો પકડાયેલ છે. જે તમામ હકીકતો ધ્યાને લઈ હાલની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) આ તબક્કે બીન–જામીનલાયક ગુન્હામાં આરોપીને જામીન મુકત કરવા કે કેમ તે અંગે અત્રેની અદાલતને વિવેક બુધ્ધીની સત્તા છે, પરંતુ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ગુન્હાની ગંભીરતા, સજા અંગેની જોગવાઈ, આરોપીએ ગુન્હામાં ભજવેલ ભાગ તેમજ જામીન મુકત થયા બાદ ટ્રાયલ વખતે આરોપી હાજર રહેશે કે કેમ? ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરશે કે કેમ ? તેમજ સમાજનુ અને રાજયનુ હીત ધ્યાને રાખી નિર્ણય કરવો જોઈએ. કોઈ પણ આરોપીને પ્રીટ્રાયલ કન્વીકશન થાય નહી અને ભારતીય બંધારણ મુજબ સ્વતંત્રતાના અધિકારો મળી રહે અને સાથે સાથે ફરીયાદ પક્ષની સલામતી જળવાઈ રહે અને ઝડપી ટ્રાયલ સુનિશ્ચિત થઈ શકે તે તમામ હકીકતો ધ્યાને લેવી જોઈએ.

(૫) બંને પક્ષકારોની મૌખીક દલીલો ધ્યાને લીધી, ફરીયાદ તથા કેસ પેપર્સ વંચાણે લેતા હાલના બનાવમાં આરોપી સામે પ્રોહી ક. ૬૫(એ)(ઈ),૮૧,૯૮(૨),૧૧૬(ખ) મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે અને સદર ગુનામા આરોપીએ પ્રથમ દર્શનીય રીતે રોલ ભજવેલ હોય તેવું પેપર્સ જોતાં જણાઈ આવે છે. હાલના કામે પકડાયેલ ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂ/બીયર ટીનના કુલ્લે બોક્ષ નંગ–૫૫૫ બાટલીઓ/બીયર ટીન નંગ–૧૮,૬૭૨ (૫૩૫૮.૪૮ લિટર) કુલ્લે કિં.રૂ.૬૯,૬૮,૮૮૦/–(અંકે રૂ.ઓગણસીત્તેર લાખ અડસઠ હજાર આઠસો એસી પુરા) નો છે. જે પકડાયેલ જથ્થો **Notification No.GG/65/2019/VDR/**

**CC NO.1725/2026**

**CRMA J-328/2026**

**10/2009/2061/E-1 કે જે ગુજરાત સરકાર દવારા તા. ૨/૭/૧૯ થી અમલમા છે,** તે નોટીફીકેશન મુજબ નિર્ધારીત કરવામા આવેલ જથ્થા કરતા ખુબ જ મોટા જથ્થામાં છે. હાલના કામે પકડાયેલ પ્રોહી જથ્થો હાલના આરોપીના કબ્જામાંની બોટમાંથી પકડાયેલ છે. ચાર્જશીટ ફાઇલ થઇ જવા માત્રથી આરોપીને જામીનમુક્ત કરવા જોઇએ એવો કોઇ કાયદાનો નિયમ નથી. ચાર્જશીટ તા:૧૨/૦૬/૨૦૨૬ ના રોજ રજુ થયેલ છે. આમ, તમામ હકીકતોને ધ્યાને લેતાં આરોપી સામેના ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ, આરોપી સામેનો પ્રથમ દર્શનીય ગુનો, આરોપીનો ગુનામાં રોલ, હાજરીની સુનિશ્ચિતતા તથા આ કેસના તમામ સંજોગો અને નામ.ઉચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાનમાં રાખી આ કામના આરોપીને જામીન મુકત કરવા યોગ્ય અને ન્યાયી જણાઈ આવતુ ન હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) પારડી પો. સ્ટે. ગુના રજી નં.૧૧૨૦૦૦૩૮૨૬૧૬૯૧/૨૦૨૬, પ્રોહી કલમ ૬૫(એ)(ઈ),૮૧,૯૮(૨),૧૧૬(ખ) મુજબના કામે અરજદાર/આરોપીની હાલની જામીન અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા:૧૯મી માહે:જુન, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૯–૦૬ – ૨૦૨૬

(કુ.ડી.ડી.પડિઆ)
જયુડી.મેજી.ફ.ક.પારડી
તા.પારડી,જી.વલસાડ.